# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૬ તા.૦૫-૦૭-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- Online Child Tracking Portal માં ડેટા અપલોડ કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૩/૪૯૭૪-૫૦૬૨ તા.૦૪-૦૭-૨૦૨૩

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૧૧-૦૫-૨૦૨૩ના ઠરાવથી પ્રસિદ્ધ બદલી નિયમોમાં કરવામાં આવેલ જોગવાઈ પરત્વે તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યાને ધ્યાને લઈ વિદ્યાર્થી - શિક્ષક રેશિયાને ધ્યાને લઈ મહેકમ તૈયાર કરવાનું થાય છે. ચાલુ વર્ષે બાલવાટિકામાં પ્રવેશ મેળવેલ બાળકો અને ધોરણ-૧માં પ્રવેશ મેળવેલ બાળકોની Online Child Tracking Portal માં ૧૦૦% એન્ટ્રી તેમજ ધો.૨ થી ૮ ના વિદ્યાર્થીઓનું અપડેશનનું કામ ૧૦ જુલાઈ સુધીમાં પૂર્ણ કરવાનું રહેશે.આ ઉપરાંત નવીન દાખલ થતા તેમજ લિવિંગ સર્ટી.થી દાખલ થતાં વિદ્યાર્થી શાળામાં પ્રવેશ મેળવે તેમ ઓનલાઈન ડેટાએન્ટ્રી કરવાની રહેશે. ટેકનિકલ પ્રશ્ન હોય તો બ્લોક એમ.આઈ.એસ.નો સંપર્ક કરી સમયમર્યાદામાં ૧૦૦% એન્ટ્રી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભિત પત્ર

તા. ૦૫-૦૭-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક:પ્રાશિનિ/ક-નિતી/૨૦૨૩/ ૪૯૫૪-૫૦૬૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ..જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા. ૦૪/૦૭/૨૦૨૩

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી-તમામ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી- તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ.

**વિષય:- Online Child Tracking Portal માં ડેટા અપલોડ કરવા બાબત.**

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનુ કે, શિક્ષણ વિભાગના તા:- ૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવથી પ્રસિધ્ધ બદલી નિયમોમાં કરવામાં આવેલ જોગવાઇ પરત્વે તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ આપના તાબાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોની સંખ્યાને ધ્યાને લઇ વિદ્યાર્થી-શિક્ષક રેશિયોના આધારે મહેકમ(સેટઅપ) મંજૂર કરવામાં આવનાર છે. જેથી ચાલુ વર્ષે બાલવાટિકામાં પ્રવેશ મેળવેલ બાળકો અને ધોરણ-૧ માં પ્રવેશ મેળવેલ બાળકોની Online Child Tracking Portal માં વિગતોની ડેટા એન્ટ્રી/અપલોડ કરવાની કાર્યવાહી દિન-૧૦(દસ) માં પૂર્ણ કરવાની રહેશે. ગત વર્ષે કેટલીક શાળાઓ દ્વારા ડેટા એન્ટ્રી કરવાની રહી ગયેલ છે. તથા ડેટા અપલોડ થયેલ નથી તેવી રજૂઆત સાથે મહેકમમાં ફેરફાર કરવા જિલ્લા શિક્ષણ સમિતિ મારફતે રજૂઆત કરવામાં આવેલ હતી. આથી સૂચના આપવામાં આવે છે કે બાલવાટિકા અને ધોરણ-૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની ૧૦૦% ડેટા એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશે તથા ધોરણ-૨ થી ૮માં અન્ય શાળામાંથી કોઇ વિદ્યાર્થી આવેલ હોય તો તેવા વિદ્યાર્થીને પણ ટ્રેક કરી તે એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશે. તેમાં કોઇ ટેકનિકલ પ્રશ્ન હોય તો Block MIS અને District MIS નો સંપર્ક કરી તેનો ઉકેલ લાવવાનો રહેશે. ત્યાર બાદ જે જિલ્લા/નગરમાં ઉકત કાર્યવાહી પૂર્ણ કરવાની બાકી રહેશે તો જે તે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી /શાસનાધિકારીશ્રીની અંગત જવાબદારી રહેશે. જે ધ્યાને લેશો.

વધુમાં, આપના તાબામાં કાર્યરત અનુદાનિત/ખાનગી પ્રાથમિક શાળાઓમાં ચાલુ વર્ષે બાલવાટિકામાં પ્રવેશ મેળવેલ બાળકો અને ધોરણ-૧ માં પ્રવેશ મેળવેલ બાળકોની Online Child Tracking Portal માં વિગતો ડેટા એન્ટ્રી/અપલોડ કરવાની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ખાનગી પ્રાથમિક શાળાઓમાં બાલવાટીકા અને ધોરણ-૧ માં CTS (ચાઇલ્ડ ટ્રેકીંગ સિસ્ટમ)માં શૂન્ય એન્ટ્રી હોય તેવી શાળાઓને કારણદર્શક નોટીસ આપી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(ડૉ.એસ.પી.ચૌધરી)
સંયુકત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

નકલ સવિનય રવાના (જાણ સારૂ ):
માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ, ગાંધીનગર
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર